Extra No. 284

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] **THURSDAY, AUGUST 7, 2025 / SRAVANA 16, 1947**

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧)(ખ) મુજબનો ::

No: KHD/MAG/e-file/450/2025/2266/MAG BRANCH.-મોજે નડીઆદના ટીકા નં. ૧૧, સીટી સર્વે નં. ૬૦૧ માં આવેલ મિલકત નં.૧૪૯૨ માં આવેલ "પ્રભાત સિનેમા'' કે જે ડભાણ ભાગોળ પાસે, ગામતળ વિસ્તારમાં અને ડભાણ ભાગોળ થી સરદાર વલ્લભભાઈના સ્ટેચ્યુ, રેલ્વે સ્ટેશન તરફ જતા રોડ પર આવેલ છે. રાદર મિલકતના મેનેજર અને વહીવટકર્તાના જણાવ્યા મુજબ પ્રભાત સિનેમાનું મકાન ખુબ જ જર્જરીત હાલતમાં હોય, તેનો જર્જરીત થયેલ ભાગ ઉતારવા માટે અને સલામતીના ભાગરૂપે પ્રભાત સિનેમા તરફ જતો આંતરીક રસ્તો ૦૬ દિવસ માટે બંધ કરવા વિનંતી કરેલ. જે અન્વયે સદર આંતરીક રસ્તા પર આવેલ ૧૦ દુકાનો અને ૦૮ ઘરો / મકાનો (અંદાજીત ૪૦ રહેવાસી) ધરાવતા તમામ અસરકર્તાઓને તમામ સવલતો પૂરી પાડવા માટે પ્રભાત સિનેમાના માલિક/વહીવટકર્તાશ્રી ધ્વારા વ્યવસ્થા કરવાની શરતે સદર આંતરીક રસ્તો તા.૦૨/૦૮/૨૦૨૫ થી તા.૦૪/૦૮/૨૦૨૫ સુધી ૦૩(ત્રણ) દિવસ માટે જાહેર સલામતી અને સુરક્ષાને અનુલક્ષી બંધ કરવા મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, નડીઆદ મહાનગરપાલિકાનાઓએ જાહેરનામું પ્રસિધ્ધ કરવા તા.૩૦/૦૭/૨૦૨૫ ના રોજ અત્રે દરખાસ્ત કરેલ છે.

મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, નડીઆદ મહાનગરપાલિકાની દરખાસ્તમાં દર્શાવ્યા મુજબ ડભાણ ભાગોળ પાસે, ગામતળ વિસ્તારમાં અને ડભાણ ભાગોળ થી સરદાર વલ્લભભાઈના સ્ટેચ્યુ, રેલ્વે સ્ટેશન તરફ જતા રોડ પર આવેલ પ્રભાત સિનેમા તરફ જતો આંતરીક રસ્તો બંધ કરી નાગરીકો તથા વાહન-વ્યવહારની અવર-જવરને પ્રતિબંધ મુકવા દરખાસ્ત કરેલ છે. નાગરીકોની જાહેર સલામતી અને સુરક્ષા તથા કાયદો વ્યવસ્થાની જાળવણી ધ્યાને રાખતા ઉકત દરખાસ્ત પ્રવર્તમાન સંજોગોમાં ઉચિત જણાય છે.

વાસ્તે હું જે. બી. દેસાઈ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧)(ખ) થી મને મળેલ સત્તાની રૂએ તા.૦૨/૦૮/૨૦૨૫ ક.૦૦-૦૦ થી તા.૦૪/૦૮/૨૦૨૫ સ.ક.૨૪-૦૦ના સમય દરમ્યાન નીચેના જાહેર માર્ગ ઉપર નાગરીકો તથા વાહનોની અવર-જવર પર પ્રતિબંધ ફરમાવું છું.

(A) નાગરીકો તથા વાહનોની અવર-જવર ઉપર પ્રતિબંધ મુકવાનો માર્ગ:-

- ડભાણ ભાગોળ પાસે, ગામતળ વિસ્તારમાં અને ડભાણ ભાગોળ થી સરદાર વલ્લભભાઈના સ્ટેચ્યુ, રેલ્વે સ્ટેશન તરફ જતા રોડ પર આવેલ પ્રભાત સિનેમા તરફ જતો આંતરીક રસ્તો.

શિક્ષા:- આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧ અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ઉક્ત વિગત મુજબ સદર રોડ ઉપર અવર-જવર બંધ કરવામાં આવે તે દરમ્યાન તમામ અસરકર્તાઓને સવલતો પૂરી પાડવા માટે વ્યવસ્થા કરવાની સંપૂર્ણ જવાબદારી પ્રભાત સિનેમાના માલિક/વહીવટકર્તાશ્રીની રહેશે.

ખેડા-નડીઆદ, તા.૦૧/૦૮/૨૦૨૫.

જે. બી. દેસાઈ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીયાદ.

હુકમ

:: ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) મુજબનો ::

No:KHD/MAG/e-file/450/2025/2302/MAG BRANCH.-(૧) તા.૦૯/૦૮/૨૦૨૫ના રોજ રક્ષાબંધન તહેવાર (૨) તા.૦૮-૦૯/૦૮/૨૦૨૫ના રોજ શ્રાવણસુદ પુનમ નિમિત્તે ડાકોર શ્રી રણછોડરાયજી મંદિર ખાતે ધાર્મિક લોકમેળો (૩) તા.૦૯/૦૮/૨૦૨૫ ના રોજ શ્રાવણ સુદ પુનમ (ગુરૂપુર્ણિમા) નિમિત્તે વડતાલ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ધાર્મિક લોકમેળો (૪) તા.૦૯/૦૮/૨૦૨૫ ના રોજ શ્રાવણ સુદ પુનમ નિમિત્તે નડીઆદ શ્રી સંતરામ મંદિર પુનમ મેળો (૫) તા.૧૩/૦૮/૨૦૨૫ ના રોજ નાગપાંચમ તહેવાર (૬) તા. ૧૪/૦૮/૨૦૨૫ ના રોજ રાંધણછઠ્ઠ તહેવાર (૭) તા.૧૫/૦૮/૨૦૨૫ ના રોજ શિતળા સાતમ તહેવાર (૮) તા.૧૫/૦૮/૨૦૨૫ સ્વાતંત્ય દિન ઉજવણી (૯) તા.૧૬/૦૮/૨૦૨૫ ના રોજ જન્માષ્ટમી તહેવાર (૧૦) તા.૨૭/૦૮/૨૦૨૫ થી તા.૦૬/૦૯/૨૦૨૫ સુધી ગણેશ ચતુર્થી મહોત્સવ દરમ્યાન જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુપેરે જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના આગોતરા પગલાં રૂપ પોલીસ અધિક્ષકશ્રી, ખેડા-નડીઆદનાઓએ તા.૨૨/૦૭/૨૦૨૫ ના પત્ર ક્રમાંક:એલઆઈબી / જાહેરનામું /૯૬૪/૨૦૨૫ થી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે જાહેરનામું પ્રસિધ્ધ કરવા અત્રે દરખાસ્ત કરેલ છે. પ્રવર્તમાન સંજોગોમાં પોલીસ અધિક્ષકશ્રીની દરખાસ્ત અમોને આવશ્યક અને ઉચિત જણાયેલ છે.

વાસ્તે, હું જે. બી. દેસાઈ. જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા-નડીઆદ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૧) થી મને મળેલ સત્તાની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લાના હદ વિસ્તારમાં તા.૦૧/૦૮/૨૦૨૫ થી તા.૩૧/૦૮/૨૦૨૫ (બંને દિવસો સુધ્ધાંત) સુધી નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

1) શસ્ત્રો, તલવાર, ભાલા, બંદુક, ખંજર તથા કોઈપણ જાતના ચપ્પુ (અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા) સાથે રાખી ફરવાની અને તેવી બીજી કોઇ ચીજો લઈ જવાની.

2) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું.

3) મનુષ્ય અથવા શબ તેમજ પુતળા દેખાડવાનું.

4) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું

5) જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો પ્રતિકો કે પ્લે-કાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બતાવવાનું અથવા ફેલાવો કરવાનું, રાજયની સલામતી જોખમાતી હોય તેવા છટાદાર ભાષણો આપવાનું, ચાળા પાડવાનું, નકલ કરવાનું.

વિસ્તાર:- સમગ્ર ખેડા જિલ્લો

અપવાદ:- આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

1) ફરજ પરના સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યક્તિ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

2) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, સબડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી કે તેમણે અધિકૃત કરેલ પોલીસ અધિકારીશ્રીએ શારીરિક અશક્તિને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

શિક્ષા:- આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૫(૧) અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

ખેડા-નડીઆદ, તા.૦૧/૦૮/૨૦૨૫.

જે. બી. દેસાઇ
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
ખેડા-નડીયાદ.

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.09.22 15:51:25 IST